# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ઇ-ટેન્ડર નં-૩૮ / ૨૦૧૯

## કુરિયર સર્વિસ પૂરી પાડવા અંગેના

ટેન્ડર વેલ્યુ રૂ.૧૫ લાખ ટેન્ડર ફી રૂ.૧૫૦૦/- **EMD** રૂ.૪૫૦૦૦/- **SD** રૂ.૭૫,૦૦૦/-

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ઓનલાઇન ડાઉનલોડ / અપલોડ કરવાની તારીખ | તા.૩૦/૧૨/૨૦૧૯ સમય : ૧૧.૦૦કલાક થી તા.૨૦/૧/૨૦૨૦ના રોજ ૧૬.૦૦કલાક |
| ૨ | ઓનલાઇન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ / સમય | તા.૨૦/૧/૨૦૨૦ ના રોજ ૧૬.૦૦ કલાક સુધી |
| ૩ | ટેકનીકલ બીડ સાથે ટેન્ડર ફી ,બાનાની રકમ (EMD), દસ્તાવેજો વિગેરે ફીઝીકલી રજુ કરવાની તારીખ / સમય | તા.૨૧/૧/૨૦૨૦<br>સમય : ૧૬.૦૦ કલાક સુધી |
| ૪ | ઓનલાઇન ટેન્ડરનું ટેક્નીકલ બીડ ખોલવાની તારીખ/ સમય | તા.૨૨/૧/ ૨૦૨૦<br>સમય : ૧૨.૦૦ કલાક |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ઇ-ટેન્ડર નં - ૩૮ / ૨૦૧૯

## કુરિયર સર્વિસ પૂરી પાડવા અંગેનું ઇ-ટેન્ડર

## સ્કોપ ઓફ વર્ક

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓને ડુપ્લીકેટ માર્કશીટ, સર્ટીફીકેટ, માઇગ્રેશન સર્ટીફીકેટ અને અન્ય ટપાલો મોકલવાની થાય છે.
- બોર્ડની કચેરીમાંથી કચેરીના કામકાજના દિવસો દરમ્યાન ૪ થી ૪.૩૦ વચ્ચે ટપાલ / પાર્સલ કલેક્ટ કરવાના રહેશે.
- ટપાલ / પાર્સલ પર લગાડવામાં આવતા બારકોડ સ્ટીકર કચેરીને પણ આપવાના રહેશે.
- ટપાલ / પાર્સલ પર સ્ટીકર લગાવ્યા બાદ ટ્રેકીંગ સિસ્ટમથી ટ્રેકીંગ નંબર બોર્ડ તથા વિદ્યાર્થીને SMSથી આપવાનો રહેશે. જે નંબરથી વિદ્યાર્થી તથા બોર્ડ ટપાલ ક્યાં પહોંચી તે માહિતી મેળવી શકે.
- ટપાલ / પાર્સલ બોર્ડની કચેરીમાંથી જે તે જિલ્લા / તાલુકા / ગ્રામ્ય વિસ્તારમાં વિદ્યાર્થીના સરનામે પહોંચાડવાની રહેશે. જેમાં જિલ્લા તથા તાલુકા કક્ષાએ ૨ થી ૩ દિવસ અને અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં ૨ થી ૫ દિવસમાં પહોંચાડવાની રહેશે.
- જે ટપાલ / પાર્સલ ડીલીવર ન થાય તેની માહિતીએ ટ્રેકીંગ નંબર તથા વ્યાજબી કારણ સાથે બોર્ડની કચેરીને ટપાલ આપ્યાના દિન-૩ માં આપવાની રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ઇ-ટેન્ડર નં - ૩૮ / ૨૦૧૯

## કુરિયર સર્વિસ પૂરી પાડવા અંગેનું ઇ-ટેન્ડર

## શરતો

1. ઇ-ટેન્ડરમાં જણાવેલ કામગીરી સામે સેવા આપવા ઇચ્છુક સંબંધિત ટ્રેડમાં કાયદેસર રીતે નોંધાયેલ એજન્સી, કંપની, સંસ્થા, મલ્ટી સ્ટોર્સ એક્ટ હેઠળ નોંધાયેલ એજન્સી કે સહકારી મંડળી કે ભાગીદારી પેઢી હોવી ફરજીયાત છે.
2. ટેન્ડર કંપની / સંસ્થાની ઓફીસ/ શાખા અમદાવાદ/ગાંધીનગર ખાતે હોવી જોઇએ.
3. ટેન્ડરર સંસ્થા પાસે ગુમાસ્તા ધારા હેઠળ સ્થાનિક સત્તા મંડળ દ્વારા આપવામાં આવતા નોંધણી (કુરિયર સર્વિસ પૂરી પાડવા) પ્રમાણપત્ર, આવકવેરા વિભાગ દ્વારા આપવામાં આવતાં કાયમી ખાતા નંબર, GST No, વ્યવસાયવેરા નંબર તથા લાગુ પડતા લાયસન્સ, માન્યતા ધરાવતાં હોવા જોઇએ. તેમજ તે તમામની સ્વ-પ્રમાણીત નકલ જોડવાની રહેશે. આ તમામ નોંધણી/નંબર ટેન્ડર ભરતા સમયે કાર્યરત / રીન્યુ થયેલ હોવા જોઇએ.
4. ટેન્ડરર જો ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજ કરેલા હોવા જોઇએ તથા પાવર ઓફ એટર્નીના નોટરાઇઝ દસ્તાવેજ હોવા આવશ્યક છે. તે રીતે ટેન્ડરર જોકંપની કાયદા હેઠળ કે સહકારી મંડળીના કાયદા હેઠળ નોંધાયેલ હોય તો તેના નોંધણી નંબર, બંધારણ અને પાવર ઓફ એટર્નીના નોટરાઇઝ દસ્તાવેદસ્તાવેજ હોવા આવશ્યક છે.
5. સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૫૬ અથવા ચેરીટેબલ ટ્રસ્ટ એક્ટ ૧૯૨૦ અન્વયે રજીસ્ટર્ડ થયેલ સંસ્થા / પેઢી / ટ્રસ્ટ / સહકારી મંડળી / મલ્ટી સ્ટોર્સ સોસાયટી એક્ટ હેઠળ નોંધાયેલ એજન્સી તથા કાયદેસરની ભાગીદારી / પ્રોપરાઇટરી કંપની પાસે કુરિયર સર્વિસ પૂરી પાડવા માટે કાયદેસરના જરૂરી નોંધણી લાયસન્સ હોવા આવશ્યક છે.
6. દરેક ટેન્ડરરે અત્રેના ઇ- ટેન્ડર સામે સામેલ થયાની તારીખ પૂર્વેનો ઇતિહાસ સ્વચ્છ છે, તેઓ નાણાંકીય રીતે ડિફોલ્ડર નથી, બ્લેક લીસ્ટ થયેલ નથી, સેવાઓ સંબંધિત કોઇ પોલીસ ફરીયાદ કે કોર્ટ રેકર્ડ ઉપર કેસ નથી તે અંગેના બાંહેધરી પત્રક રૂ.૧૦૦/-ના નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર અચુક આપવાના રહેશે.
7. ટેન્ડરરે તેઓના નામ તથા કચેરીના સરનામાં, સંપર્ક સૂત્ર મોબાઇલ, લેન્ડ લાઇન નંબર અને ઇ-મેઇલ એડ્રેસની વિગત લેટરહેડ ઉપર અચૂક આપવાની રહેશે. તેમાં જો ફેરફાર થાય તેવા સંજોગોમાં બોર્ડને તાત્કાલિક લેખિતમાં જાણ કરવાની રહેશે.
8. ટેન્ડર કાર્યવાહી દરમ્યાન ટેન્ડરરના નામ કોઇપણ સંજોગોમાં બદલી શકાશે નહિ.
9. ટેન્ડર ભરનાર એજન્સીને કુરીયર સેવાઓ પૂરી પાડવા ઓછામાં ઓછા પાંચ વર્ષનો અનુભવ હોવો ફરજીયાત છે.
10. એજન્સીએ પૂર્ણ થયેલ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ પૈકી કોઇપણ એક વર્ષમાં સરકારી, અર્ધસરકારી, કેન્દ્ર સરકારની સંસ્થાઓ, નિગમ, બોર્ડ, કોર્પોરેશન, વિવિધ યુનિવર્સિટીઓ,

રાષ્ટ્રીયકૃત બેંકો, ખાનગી બેંકો, પ્રતિષ્ઠિત કોર્પોરેટ ઓફિસ વગેરે પૈકી કોઇપણ એક સંસ્થામાં કુરીયર સેવાઓ પુરી પાડવા એક કામ રૂ.૫ લાખ કે તે ઉપરાંતનુ ફરજીયાત કરેલ હોવુ જોઇએ. જેમાં જે તે સંસ્થાના વર્કઓર્ડર અને કામગીરી સંતોષકારક પૂર્ણ કરેલ હોવાના પ્રમાણપત્ર અવશ્ય બિડાણ કરવાના રહેશે.

11. ટેન્ડરરે ૩ વર્ષ દરમ્યાન ઉપરોક્ત શરતમાં જણાવેલ ઓછામાં ઓછી ૨ સંસ્થાઓમાં તેમજ કેટલી રકમ સાથે કુરિયરની સેવાઓ પુરી પાડવાની કામગીરી કરેલ હોય તેવી સંસ્થાઓના વર્કઓર્ડર, ઓર્ડરની રકમ અને કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કરેલ છે તે મુજબના જે તે સંસ્થા તરફથી પ્રમાણપત્ર મેળવી અવશ્ય રજૂ કરવાના રહેશે.
12. ટેન્ડરર એજન્સીનુ છેલ્લાં ૨ નાણાંકીય વર્ષ દરમ્યાનનું ટર્નઓવર રૂ.૧૦ લાખ ઉપરાંતનુ અને દર એક નાણાંકીય વર્ષનું લઘુત્તમ ટર્ન ઓવર રૂ.૫ લાખનું હોવું જોઇએ. જે માટે ટર્નઓવર ના પ્રમાણપત્ર અને બંને વર્ષના હિસાબોની ચાર્ટડ એકાઉટન્ટ દ્વારા પ્રમાણિત કરેલ નકલ એમ બંન્ને વિગતો અચૂક જોડવાના રહેશે. અન્યથા ટેન્ડરર ટેન્ડર ભરવા માટે લાયક રહેશે નહિ.
13. ટેન્ડરર એજન્સીએ ટેન્ડર મંજૂર થયાના દિન-૧૦માં જરૂરી સિક્યુરીટી ડિપોઝીટ રૂ.૭૫,૦૦૦/- ની રાષ્ટ્રીય કૃત બેંકની બેંક ગેરંટી / બેંક FD બોર્ડની તરફેણમાં કરી આપવાની રહેશે. આ બેંક ગેરંટીની મુદત ટેન્ડર મંજુરીની તારીખથી ૩૬ (છત્રીસ) માસની રહેશે.
14. ટેન્ડરર પાસે આ પ્રકારની સેવાઓ પૂરી પાડવાનુ વ્યવસ્થાતંત્ર અને સામગ્રી પહોચાડવા માટેના આવશ્યક વાહનો અને પૂરતો સ્ટાફ હોવા જોઇએ. જે માટે ટેન્ડરરે સમગ્ર ગુજરાતના કાર્યક્ષેત્ર માટે વ્યવસ્થાતંત્ર રૂપરેખા આપવાની રહેશે.
15. બોર્ડ દ્વારા ટેન્ડરર પાસેથી ટપાલ / પાર્સલ કુરીયર કરવાની સેવાઓ આવશ્યકતા મુજબ મેળવવામાં આવશે. આ સેવાઓ દૈનિક ધોરણ માટે નથી.
16. બોર્ડ ખાતેથી ટેન્ડરર દ્વારા ટપાલ / પાર્સલ કુરીયર મેળવી લેવાનો સામાન્યત: સમય બપોરે ૧૨.૦૦ થી ૫.૩૦ કલાક સુધીનો રહેશે. તેમ છતાં જરૂરીયાત અનુસાર કચેરી કામકાજના સમય દરમ્યાન ગમે ત્યારે સેવાઓ માટે બોલાવી શકાશે. જે મુજબ ટેન્ડર સેવાઓ આપવા બંધાયેલ રહેશે.
17. બોર્ડ તરફથી જાણ કરવામાં આવે એટલે કે તે જ દિવસે કચેરી ખાતેથી સંબંધિત અધિકારીનો સંપર્ક કરી ટપાલ / પાર્સલ મેળવી લેવાના રહેશે. જેની સામે પહોંચ અચૂક આપવાની રહેશે.
18. બોર્ડ સૂચના મુજબ નક્કી કરેલ તારીખે ટપાલ / પાર્સલ પહોંચાડવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.
19. અમદાવાદ શહેર અને ગાંધીનગર ની ટપાલ / પાર્સલ ૧૨ કલાકમાં અચૂક મળી જાય તે મુજબ વ્યવસ્થા ગોઠવવાની રહેશે.
20. બોર્ડના વિદ્યાર્થીઓ સમગ્ર ગુજરાત ખાતે વસતા હોઇ ગ્રામ્ય, તાલુકા, જિલ્લા તેમજ શહેર સુધીના તમામ સરનામાંના સ્થળે ટપાલ / પાર્સલ અચૂક પહોંચાડવાના રહેશે.
21. અત્રેથી મેળવવામાં આવેલ ટપાલ / પાર્સલના કલેક્શનથી લઇ ડિલેવરી સુધી ઓનલાઇન ટ્રેક વ્યવસ્થા જે વિદ્યાર્થીને ટપાલ / પાર્સલ મોકલવાનુ છે તેને અચૂક આપવાની રહેશે. જે માટે

ટેન્ડરરે બોર્ડ માટે અલગ લોગઇન યુઝર આઇડી અને પાસવર્ડ આપવાનો રહેશે.

22. દર્શાવેલ સરનામે પહોંચાડવા માટે આપવામાં આવેલ પાર્સલ / ટપાલ સંબંધિત અધિકૃત વ્યક્તિને મળેલ હોવાના આધારો રજૂ કરવાના રહેશે. પરત થયેલ ટપાલ કે પાર્સલ કચેરીમાં અધિકૃત અધિકારીશ્રીને પરત કરવાના રહેશે. ફક્ત પહોચાડેલ પાર્સલ / ટપાલ માટે નિયત થયેલ દરે ચુકવણી કરવામાં આવશે.
23. ટપાલ કે પાર્સલ ડિલીવરી કર્યાની પહોંચ રજૂ નહીં કરવામાં આવે તો બોર્ડ નક્કી કરે તે પેનલ્ટી ભરવાની રહેશે. આ રકમ ચૂકવવા પાત્ર ઇજારદારના બીલની રકમમાંથી અગર જરૂર જણાય તો સિક્યુરીટી ડીપોઝિટમાંથી વસૂલ કરવામાં આવશે.
24. બોર્ડ તરફથી ડિલીવરી માટે આપવામાં આવેલ પત્રો, પાર્સલ વિદ્યાર્થીઓના પ્રમાણપત્રો, મટીરીયલ કે દસ્તાવેજો ગેરવલ્લે થશે કે ગુમ થશે તો તે સંપૂર્ણ જવાબદારી ટેન્ડરરની રહેશે. જે માટે જરૂર પડે કાયદાકીય તેમજ ફોજદારી રાહે કાર્યવાહી પણ કરવામાં આવશે. આવા કિસ્સામાં જે તે મહિનાના કુલ બીલમાંથી ૨૦% રકમ અથવા તો રૂ.૧૦,૦૦૦/- બંને માંથી વધુ હોય તે પેનલ્ટી રૂપે ટેન્ડરર પાસેથી વસુલ કરવામાં આવશે અથવા જે તે બીલમાંથી કપાત કરવામાં આવશે અથવા સિક્યુરીટી ડીપોઝિટમાંથી તેટલી રકમ વસુલ કરવામાં આવશે. ટેન્ડરરે ટપાલ / પાર્સલની ડીલીવરી જે તે આર્ટીકલ ઉપર છાપવામાં આવેલ કચેરી કે ઘરના સરનામે જ કરવાની રહે છે.
25. ટેન્ડર ટપાલ / પાર્સલના આર્ટીકલ્સ ગ્રામ્ય, તાલુકા,જિલ્લા કે શહેરની શાખાઓ સુધી પહોચાડી ટપાલ / પાર્સલ મેળવનારનો સંપર્ક કરી તેઓની શાખાની ઓફીસથી લઇ જવા માટે બોલાવી શકાશે નહિ. આવી કોઇપણ ગેરરીતી બોર્ડના ધ્યાન ઉપર આવશે તો ડીપોઝિટ જપ્ત લઇ કંપનીને બ્લેક લીસ્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.
26. ટેન્ડરર એજન્સીના ડિલીવરી સ્ટાફની બેદરકારી, બેકાળજીના લીધે કે ઇરાદાપૂર્વક કૃત્યથી ટપાલ / પાર્સલને તૂટ, ફૂટ નુકશાની કે નાશ થશે તો તેની જવાબદારી ટેન્ડરરની રહેશે. જેના માટે જે તે મહિનાના બીલમાંથી ૨૦% રકમ પેનલ્ટી અથવા તો રૂ.૧૦,૦૦૦/- બંનેમાંથી વધુ હોય તે પેનલ્ટી રૂપે ટેન્ડરર પાસેથી વસુલ કરવામાં આવશે અથવા જે તે બીલમાંથી કપાત કરવામાં આવશે અથવા તો સિક્યુરીટી ડીપોઝિટમાંથી તેટલી રકમ વસુલ કરવામાં આવશે.
27. ઉપરોક્ત ૨૪ થી ૨૬ માટે પ્રથમ વખત મહિનાના બીલમાંથી ૨૦% રકમ પેનલ્ટી અથવા તો રૂ.૧૦,૦૦૦/- બંને માંથી વધુ હોય તે પેનલ્ટી રૂપે ટેન્ડરર પાસેથી વસુલ કરવામાં આવશે. બીજી વખત ૨૦% રકમ પેનલ્ટી અથવા તો રૂ.૨૦,૦૦૦/- બંન્નેમાંથી જે વધુ હશે તે ટેન્ડરર પાસેથી વસુલ કરવામાં આવશે અને ત્રીજી વખત બનશે તો ટેન્ડરર પાર્ટીને બ્લેક લીસ્ટ કરવામાં આવશે તથા સિક્યુરીટી ડીપોઝિટ જપ્ત લેવામાં આવશે. આવા કિસ્સામાં યુનિવર્સિટી તરફથી વૈકલ્પિક કામગીરી કરાવવા માટે જે તે વૈકલ્પિક વ્યવસ્થા માટેનો ખર્ચ ટેન્ડરરના શિરે રહેશે.

**ટેન્ડર પ્રોસેસ ફી EMD અને સિક્યુરીટી ડીપોઝિટ અને બેંક સોલવંશી અંગે આવશ્યક શરતો**

1. ટેન્ડરરે ટેન્ડર પ્રોસેસ ફી પેટે રૂ.૧૫૦૦/- તથા EMD રકમ પેટે રૂ.૪૫,૦૦૦/- ની રકમનો નેશનલાઇઝ / શિડ્યુલ બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ / બેંકર્સ ચેક સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના નામનો બિડાણ કરવાનો રહેશે.
2. જે ટેન્ડરરના ભાવ સ્વીકાર કરવામાં આવશે તે પછીના ક્રમમાં આવતા બે ટેન્ડરર સિવાય અન્ય ટેન્ડરરોની EMD ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. જેમના ભાવો સ્વીકારવામાં આવ્યા છે તેવા અને તે પછીના બે ટેન્ડરરોની EMD જેમના ભાવ સ્વીકારાયા છે તે ટેન્ડરર જરૂરી સિક્યુરીટી ડીપોઝિટ જમા કરાવી કરારનામું કરી આપે ત્યારબાદ પરત કરવામાં આવશે.
3. જે ટેન્ડર સામેની ટેક્નીકલ અને કોમર્શીયલ બીડ સ્પર્ધા બાદ જે પાર્ટીના ભાવ માન્ય થઇ કામગીરી સોંપવાનુ નિયત કરવામાં આવશે તેઓએ ગુજરાત સરકારશ્રીની ખરીદ નીતીના નિયમાનુસાર સિક્યુરીટી ડીપોઝિટ/ શિડ્યુલ બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ / બેંકર્સ ચેક સ્વરૂપે આપવાની રહેશે. સિક્યુરીટી ડીપોઝિટની રકમ કરારની મુદ્દત અથવા ટેન્ડર સામેની કામગીરી પૂર્ણ થયાના છેલ્લુ ચુકવણુ કરવામાં આવ્યા બાદ એક માસ પછી કામગીરી સંતોષકારક જણાયે અને વહિવટી વડાના નો ડ્યુ પ્રમાણપત્ર રજૂ થયે પરત કરવામાં આવશે. સિક્યુરીટી ડીપોઝિટની રકમ ઉપર કોઇપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહિ.

   ટેન્ડરર દ્વારા રાષ્ટ્રીયકૃત બેંકની રૂ.૨ લાખના સોલવંશી સર્ટીફીકેટ હોવા જોઇએ કે જે ટેન્ડર જાહેર થયા પછીની તારીખની હોવી જોઇએ. અન્યથા ટેન્ડર રદ્દ ગણવામાં આવશે.

- **ટેન્ડર ભરવા, ટેન્ડર, દસ્તાવેજ રજૂ કરવા અને ઓપન કરવા અંગેની શરતો**

1. ટેન્ડરરે ટેન્ડરની તમામ શરતો કાળજી પૂર્વક વાંચી, સમજીને ટેન્ડર ભરવાના રહેશે. કોઇપણ જાતના શરતી ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહી.
2. ટેન્ડરર તરફથી રજૂ કરવામાં આવે તે ફોર્મના દરેક પેજ ઉપર ટેન્ડરરના સહી-સિક્કા સાથે રજૂ કરવાના રહેશે અન્યથા ટેન્ડર રદ્દ ગણવામાં આવશે.
3. ટેન્ડર સામે માંગવામાં આવેલ વિગતોના તમામ દસ્તાવેજો, આધારભૂત કાગળો સ્વપ્રમાણિત કર્યાના સહી-સિક્કા સાથેની પ્રમાણિત નકલો બિડાણ કરવાની રહેશે. ટેક્નીકલ બીડ ઓપન કર્યા બાદ ટેન્ડરરના કોઇપણ દસ્તાવેજ કે રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ.
4. ટેન્ડર સાથે જે કોઇ પુરાવા/દસ્તાવેજોની નકલો માંગવામાં આવેલ છે તે તમામ દસ્તાવેજોની મૂળ નકલ ટેન્ડર ઓપનીંગ સમયે ચકાસણીના હેતુસર રજુ કરવાની રહેશે.
5. ટેન્ડર કાર્યવાહીના શિડ્યુલ મુજબ નિયત તારીખ-સમય બાદ મળેલ ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહિ.
6. ટેન્ડર નિયત કરવામાં આવેલ ટેક્નીકલ બીડમાં માંગેલ વિગતો ભરીને સંબંધિત દસ્તાવેજો સાથે ટેન્ડર ફોર્મ રજૂ કરવાના રહેશે. ફક્ત ઓનલાઇન ટેન્ડર ફોર્મ ભરેલ હશે અને દસ્તાવેજો રજૂ નહિ હોય તો તે ટેન્ડર ગેરલાયક ઠરશે.
7. ટેન્ડરરે નીચે મુજબ સમગ્ર ટેન્ડર રજૂ કરવાના રહેશે. ફક્ત ટેન્ડર ફોર્મ ભરેલ હશે અને દસ્તાવેજો રજૂ કરેલ નહિ હોય તો તે ટેન્ડર ગેરલાયક ઠરશે.
8. ટેન્ડર ફીનુ અલગ કવર અને EMDનુ અલગ કવર તૈયાર કરી બંન્ને કવર એક જ કવરમાં મૂકી તથા અન્ય કવરમાં જરૂરી ડોક્યુમેન્ટ સાથે તા.૨૧/૧/૨૦૨૦ના રોજ ૧૬.૦૦કલાક સુધીમાં સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦-બી, ગાંધીનગરને રૂબરૂમાં અથવા RPADથી પહોંચતુ કરવાનુ રહેશે. કવર ઉપર લાલ શાહીથી "કુરીયર સેવાઓ પુરી પાડવા અંગેનુ ટેન્ડર" એમ સ્પષ્ટ વંચાય તે રીતે લખવાનુ રહેશે.
9. કોઇપણ ટેન્ડરરે તેઓનુ ટેન્ડર નિયત સમયમાં રજૂ કર્યા પછી તેઓના ટેન્ડર ના ખોલવા કે પરત લઇ લેવા માટેની લેખિત કે મૌખિક રજૂઆત કરશે તો તે માન્ય રહેશે નહિ. જો ટેન્ડરર તેમ કરવા માંગશે તેઓની EMD રકમ જપ્ત કરવામાં આવશે.
10. ભરેલા ટેન્ડર સ્વીકારવા કે ન સ્વીકારવાનો નિર્ણય લેવાનો બોર્ડને અબાધિત અધિકાર રહેશે.
11. આ કામની પ્રિ-બીડ બેઠક સમયે ટેન્ડર સબંધિત કામકાજની જાણકારી આપવામાં આવશે. જેમાં ટેન્ડર ભરવા માંગનાર ટેન્ડર શિડ્યુલની તારીખ અને સમયે ઉપસ્થિત રહી શકે છે. તેમજ જે સેવાઓ પૂરી પાડવાની છે તે કામગીરીનો પ્રકાર, જરૂરીયાત વગેરેથી સુ-માહિતગાર થઇ શકશે.
12. મળેલા ટેન્ડર, ઠેકેદારો અગર તેમના પ્રતિનિધિઓની હાજરીમાં નિયત કરેલ સમયે બોર્ડ અથવા બોર્ડના અધિકૃત અધિકારી જણાવે તે સ્થળે અધિકૃત અધિકારીની હાજરીમાં ખોલવામાં આવશે. રસ ધરાવતાં ઠેકેદારો અગર તેમના અધિકૃત પ્રતિનિધિ તે સમયે હાજર રહેવાની ઇચ્છા ધરાવતાં હોય તો તેઓ હાજર રહી શકશે અને તે અંગેની ઓથોરીટી આપવાની રહેશે. ટેક્નીકલ બીડમાં ક્વૉલીફાઇડ થયેલા બીડરના જ ફાયનાન્સીયલ બીડ ખોલવામાં આવશે.
13. જો ઠેકેદાર અગર તેમના પ્રતિનિધિ હાજર હશે નહી તો બોર્ડ અધિકૃત અધિકારી તે અંગે રોજકામમાં યોગ્ય નોંધ લઇ તેમના ટેન્ડરો ખોલવા અને ભાવોની નોંધ લેશે, જે તે ઠેકેદારને

બંધનકર્તા રહેશે

- **ટેન્ડરના ભાવો, સ્વિકૃત, ટેન્ડર રદ્દ ગણવા અને સેવાઓના બીલ રજૂ કરવા અંગે**

1. ટેન્ડર સામે આપવામાં આવે તે ભાવો ટેન્ડર ઓપન થયા તારીખ થી ૧૮૦ દિવસ સુધી અમલમાં રહેશે. આ સમય દરમ્યાન ટેન્ડરર તેઓના ભાવ પાછા ખેંચી શકશે નહિ.
2. ટેન્ડરર દ્વારા જે તે વિગત સામે ભરવામાં આવે તે ભાવ તમામ ટેક્ષનો સમાવેશ, પાર્સલ ક્લેક્શન કરવા, ડીલીવરી કરવી, પાર્સલના ટ્રાન્સપોર્ટેશન, ટ્રાન્સપોર્ટેશન વિમો, મજૂરી, મજુર ખર્ચ લોડીંગ અને લોડીંગ સાથેના તથા લાગુ પડતા અન્ય તમામ પ્રકારના ખર્ચના સમાવેશ સાથેના ભરવાના રહેશે. GST અલગથી ચુકવવામાં આવશે.
3. ટેન્ડરરે સમગ્ર ગુજરાત અંતરીયાળ ગ્રામ્યથી લઇ શહેરમાં રહેતાં વિદ્યાર્થીઓને ટપાલ કે પાર્સલ તેઓના ઘર સુધી પહોંચાડવાના છે તે વિગત ધ્યાને લઇ ભાવ આપવાના રહેશે. જેમાં કોઇ બાંધછોડ કરવામાં આવશે નહિ.
4. જે કોઇ ટેન્ડરરના ભાવ મંજૂર થાય તે ભાવ વન-ટાઇમના રહેશે કે જે કરારમાં નક્કી થયા તારીખથી એક વર્ષ સુધી અમલમાં રહેશે. તેમ છતાં જરૂર જણાયે આ કરારનો સમયગાળો સરકારશ્રીના નિયમોનુસાર લંબાવી શકાશે. આ સમગ્ર સમયગાળા દરમ્યાન નિયુક્તિ સમયે નિયત થયેલ ભાવ ઉપરાંતનો કોઇપણ વધારો આપવામાં આવશે નહિ.
5. જે તે વિગત સામે સૌથી નીચા ભાવ ભરેલ હશે તેને અગ્રતાક્રમ આપવામાં આવશે. પરંતુ સૌથી નીચા ભાવ જો કાર્યક્ષમ નહિ જણાય તો સેકન્ડ કે થર્ડ લોએસ્ટના ભાવો ધ્યાનમાં લઇ આગળની કાર્યવાહી કરવામાં આવશે.
6. ટેન્ડર સામેની વિગતોમાં એક જ સરખી રકમના ગુરૂત્તમ/લઘુત્તમ પ્રીમીયમ ઓફર થયા હોય તેવા પ્રસંગે બોર્ડ સંબંધિત ટેન્ડરરોના તે ક્ષેત્રનો અનુભવ, સાધનોની સજ્જતા, સેવાઓ માટેનો સ્ટાફ વગેરે ધ્યાને લઇને આખરી નિર્ણય કરશે. તેમ છતાં જો કોઇ બાબતે નિર્ણય કરવામાં દ્વિધા જણાશે તો જે તે નિર્ધારિત સેવાઓ પુરી પાડનાર કરતાં વધુ સવલત આપતી સેવાઓ પૂરી પાડવા માટે તૈયાર હોઇ તેવા ટેન્ડરરને અગ્રતા આપવામાં આવશે.

## ટેન્ડરની સ્વિકૃતિ

1. ટેન્ડરમાં ભરાઇને આવેલ ભાવ બોર્ડ દ્વારા મંજૂર કર્યાની અને આ સેવાઓ પૂરી પાડવા માટેની ટેન્ડરર સંમત છે તે મુજબના લેખીત સંમતિપત્ર મેળવવા અત્રેથી લેખિતમાં જાણ કરવામાં આવશે.
2. ટેન્ડર પુરેપુરૂ કે અંશત: સ્વિકારવાનો બોર્ડને અબાધિત હક્ક રહેશે. શક્ય હશે ત્યાં સુધી એક જ ટેન્ડરરના ભાવો મંજૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. તેમ છતાં કામગીરીને ધ્યાને લઇને એકથી વધુ ટેન્ડરરના ભાવો માન્ય રાખવાનો પણ બોર્ડને અબાધિત હક્ક રહેશે.
3. પેઢીનું ટેન્ડર માન્ય રાખવુ કે નહિ તે અંગેની સંપૂર્ણ સત્તા બોર્ડને રહેશે.
4. ટેન્ડરની તમામ બાબતો, કોઇપણ ટેન્ડર મંજૂર / નામંજૂર કરવા માટે બોર્ડનો નિર્ણય આખરી રહેશે. આમાં નીચા ભાવનુ ટેન્ડર સ્વીકાર કરવો કે નહિ તેનો પણ સમાવેશ થાય છે.
5. ટેન્ડર / કરારની કોઇપણ શરતોમાં સુધારા-વધારા કરવા, રદ્દ કરવી, ઉમેરો કરવો કે કોઇપણ શરતોના અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની આખરી સત્તા બોર્ડની રહેશે.
6. ટેન્ડર અંગે કોઇપણ પત્ર વ્યવહાર કે ટેલીફોન કે રૂબરૂ મળીને કે અન્ય કોઇપણ રીતે ટેન્ડરની પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરનાર પાર્ટીઓનુ ટેન્ડર રદ્દ કરવામાં આવશે. તેમજ ટેન્ડરર તરીકે બ્લેક લીસ્ટ કરવામાં આવશે.
7. સ્વિકૃત થયેલા ટેન્ડરરે સ્વખર્ચે બોર્ડ સાથે રૂ.૩૦૦/-ના નોન-જ્યુડિશીયલ સ્ટેમ્પ પેપર ઉપર કરારનામું કરવાનુ રહેશે અને આ કરારનામુ નોટરાઇઝ્ડ કરવાનુ રહેશે.
8. ટેન્ડર સામે પૂરી પાડવાની સેવાઓ માટે નિયુક્ત થાય તે પાર્ટી સાથેના કરારના સમય દરમ્યાન ગમે ત્યારે વ્યાજબી કારણોસર એક માસની નોટીસ આપીને આ કરાર રદ્દ કરવાના કિસ્સામાં પાર્ટીને જે કોઇપણ આર્થિક કે અન્ય કોઇપણ નુકશાની માટે બોર્ડ જવાબદાર ગણાશે નહિ તેમજ તે માટે ટેન્ડરર કોઇ કાનૂની દાવો કરી શકશે નહિ.

## ટેન્ડર ક્યારે રદ્દ બાતલ ગણાશે?

1. નિયત સમયમર્યાદા બાદ મળેલ ટેન્ડર રદ્દ બાતલ ગણાશે.
2. ટેન્ડર ફોર્મમા જણાવેલી લઘુત્તમ લાયકાતો કે કોઇપણ એક લાયકાત નહિ ધરાવનાર કોઇપણ ટેન્ડરર તરફથી રજુ કરવામાં આવેલ ટેન્ડર રદ્દબાતલ ગણવામાં આવશે.
3. ટેન્ડરર દ્વારા ટેન્ડર ફોર્મમા જણાવવામાં / ભરવામાં આવેલ માહિતી અને બિડાણ કરેલ દસ્તાવેજો કોઇપણ સમયે ખોટા જણાશે તો ટેન્ડરરની સેવાઓ તાત્કાલિક અસરથી રદ્દ કરવામાં આવશે. તેમજ સિક્યુરીટી ડીપોઝિટ જપ્ત લઇ પાર્ટીને બ્લેક લીસ્ટ જાહેર કરવામાં આવશે.
   a. કોઇપણ વ્યક્તિઓ કે જે સરકારી નોકરીમાં હોય અથવા સરકારશ્રીના પ્રતિનિધિ કે જવાબદારી સંભાળતા હોય અથવા આ બોર્ડના કર્મચારી હોય તે એજન્સી સાથે

ભાગીદારી રીતે કે સીધા કે આડકતરી રીતે કોઇપણ પ્રકારે સંકળાયેલ હોવા જોઇએ નહિ. તેવી કોઇપણ બાબત બોર્ડના ધ્યાન ઉપર આવશે તો ટેન્ડર રદ્દ બાતલ ગણાશે.

4. ઓછી રકમની ઓફર કરનાર, કૃત્રિમ રીતે લોએસ્ટ હોય પણ ટેન્ડરની ટેક્નીકલ અને અન્ય શરતો પૂર્ણ કરતા ના હોય તેવા ટેન્ડર મૂળેથી રદ્દબાતલ ગણવામાં આવશે.

5. ટેન્ડરની કાર્યવાહી પહેલા દરમ્યાન કે આખરીકરણ સમયે કોઇપણ પ્રકારનુ રાજકીય, વહીવટીય કે અન્ય પ્રકારના અયોગ્ય દબાણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાવનાર કે તેવો પ્રયત્ન કરનાર ટેન્ડરરનું ટેન્ડર રદ્દ બાતલ ગણવામાં આવશે.

6. અધુરી, અસ્પષ્ટ કે સંદિગ્ધ ભાષામાં અને શરતી ટેન્ડર ઓફર કરનાર ટેન્ડર રદ્દ બાતલ ગણવામાં આવશે.

7. ટેન્ડરમાં જણાવેલ શરતોનુ પાલન નહિ કરનાર પાર્ટીનુ ટેન્ડર / કરાર રદ્દ બાતલ ગણાશે.

## ટેન્ડર સામેની સેવાઓના બીલ રજૂ કરવા અંગે

1. ટેન્ડરર દ્વારા કુરીયર સેવા ખર્ચના બીલ મંજૂર થયેલ દર (લાગુ પડતા તમામ ટેક્ષ, અન્ય સેવાઓના સમાવેશ સાથે) મુજબ આ બોર્ડના નામજોગ Original and Duplicate એમ બે નકલમાં તૈયાર કરી રજૂ કરવાના રહેશે. GST અલગથી દર્શાવવાનો રહેશે.

2. જે તે બીલ સામેના ચુકવણાંમાંથી સરકારશ્રીના ધારા-ધોરણ મુજબના ટેક્ષ કપાત કરવામાં આવશે

3. ટેન્ડર સામેની કામગીરીના તમામ ચૂકવણાં ઇલેક્ટ્રોનીક્સ અને ઇન્ટરનેટ માધ્યમ મારફતે થાય તે ઇચ્છનીય અને આવશ્યક હોવાથી નિયુક્ત થાય તે ટેન્ડરરે તેઓના પેન નંબર, બેંકનુ નામ, ખાતા નંબર, કોડ નંબર સાથે RTGS વિગત તેઓના લેટરપેડ ઉપર અચૂક આપવાની રહેશે.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### ઇ-ટેન્ડર નં-૩૮

### કુરિયર સર્વિસ પૂરી પાડવા અંગેના

### ટેકનિકલ બીડનું પ્રાથમિક ચકાસણી પત્રક અને ઇજારદારે ટેકનીકલબીડમાં રજુ કરવાના કાગળો

## પરિશિષ્ઠ૧-

| ક્રમ | વિગત | પેજ નં |
|---|---|---|
| ૧ | ટેન્ડર ફી રૂ -/૧૫૦૦. | |
| ૨ | ઇ.રૂ .ડી.એમ.૪૫/૦૦૦,- | |
| ૩ | બીડર ઠેકેદાર પોતાની પેઢીની વિગતો દર્શાવતુ પત્રક<br>(As per Annexure-A) | |
| ૪ | સરકારી કચેરીઓમાં આવા પ્રકારની થયેલ કામગીરીની વિગતોના વર્કઓર્ડરપ્રમાણપત્રો/ | |
| ૫ | છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન થયેલ ટર્નઓવરનું ચાટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર<br>(As per Annexure-C) | |
| ૬ | છેલ્લા ૩ નાણાંકીય વર્ષના આઇ રીટર્નની નકલો.ટી. | |
| ૭ | બીડર / ઠેકેદાર પેઢીના નામે રૂ.૧૦૦/- -/ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર<br>("Non bond, black listed or disqualified declaration")<br>(As per Annexure-B) નું પ્રમાણપત્ર | |
| ૮ | પાન નંબર | |
| ૯ | અમદાવાદ / ગાંધીનગર ખાતે ઓફીસનો આધાર | |
| ૧૦ | GST રજીસ્ટ્રેશન નંબર | |

ટેન્ડરરનો સહી સિક્કો

**GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD**
**SECTOR 10/B, GANDHINAGAR**
**E - TENDER NO. 38 / 2019**
**TENDER FOR MANDAP DECORATION ITEM'S**

## Details Notice Inviting On-Line

| | |
|---|---|
| Department Name | Education Department |
| Office | Gujarat Secondary and Higher Secondary Education Board, Sector – 10 - B, Gandhinagar |
| IFB No. | E - Tender Notice No.34 of 2019 |
| Name of Work | Tender for Mandap Decoration Item |
| Estimated Contract Value (INR) | Rs. 15,00,000/- |
| Contract Validity of Tender (In Months) | 30 Months |
| Bidding Type | Tendering |
| Bid Call (Nos.) | 1 |
| Tender Currency Settings | Indian Rupees (INR) |
| Amount Details | |
| Bid Document Fees | Rs.1500/- |
| Bid Document Fee Payable to | Secretary,<br>Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar |
| Bid Security - EMD | Rs. 45,000/- |
| Bid Security / EMD in favour of | Secretary,<br>Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar |
| Bid Document Downloading Start Date | Dt.30/12 /2019 11.00 Hrs. |
| Bid Document Downloading End Date | Dt. 20 / 1 /2020 16.00 Hrs. |
| Last Date & Time for Receipt (Submission) of Technical Bids In Physical | Dt.21 /1/2020 16.00 Hrs. |
| Bid Validity Period | 120 Days |
| Remarks | Tender Documents for Downloading / Uploading will be available as under on our Website www.gseb.nprocure.com or www.nprocure.com up to date 20 / 1 /2020 16.00. Demand Draft for Tender Fee and EMD shall be submitted on electronic format only through On-line by scanning while uploading the Bid. The documents regarding pre-qualifying criteria shall be opened first, submission of original Tender Fee, EMD, required documents in Stores Branch of above mention office address and taking Receipt. Technical Bid will be opened those who has submit original Tender Fee, EMD and other required document self attested as per said tender conditions. The Price Bid of the Agencies fulfilling the pre-qualifying criteria / Technical Bid criteria as per said tender condition shall be opened. The submission shall mean that EMD and |

| | |
|---|---|
| | Tender Fee are received for purpose of opening of Bid. Tender Fee and EMD in original and self attested copies of experience certificate and other documents with signature and stamp shall be submitted to Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No. 10/B, Gandhinagar on 21 / 1 /2020 up to 16.00 Hours in Stores Branch of Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No. 10/B, Gandhinagar. Penetrative action will be take for not submitting the said documents. For further details and only submission of Tender. The tender will be opened on 22/1/ 2020 at 12.00 in the Office of the Secretary, Committee Room of Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10/B, Gandhinagar. |
| Other Details | |
| Technical Bid Opening Date | Dt. 22 / 1 /2020 at 12.00 |
| Office Inviting Bids | The Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No.10/B, Gandhinagar |
| Bid Opening Authority | The Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No.10/B, Gandhinagar |
| Address | 1st Floor, Committee Room, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector No.10/B, Gandhinagar |
| Contact No. | 079 – 23253830 |

**GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD**
**SECTOR 10/B, GANDHINAGAR**
**E - TENDER NO. 38 / 2019**
**TENDER FOR PROVIDE COURIER SERVICE PROVID**

## ANNEXURE – A

**DETAILS OF TENDERER / BIDDER**

| | | |
|---|---|---|
| 1 | Name of the Bidder | |
| 2 | Address of Registered Office | |
| 3 | Address of Working Place of the Office | |
| 4 | Staff details | |
| 5 | Year of Establishment | |
| 6 | Type of Firm (Ownership, Partnership, Pvt., & Ltd. Co.,) | |
| 7 | Name, Address and Telephone No. of Board of Directors of the Company / Pvt., Ltd., and Ltd., Co.,/ Partnership / Ownership. | |
| | Phone No. , FAX No. with STD Code of Office and Residence | |
| | Office / Reg. Office Address | |
| | Residence Address | |
| | Mobile No. | |
| | E-mail Address and or Website Address | |
| 8 | Details of Tender Fee / Bid Processing Fees & EMD | |
| | **Tender Fees** | |
| | (A) Amount in Rs. | |
| | (B) Demand Draft No. and Date | |
| | (C) Name of Bank and Branch | |
| | **Earnest Money Deposit (EMD)** | |
| | (A) Amount in Rs. | |
| | (B) Demand Draft No. & Date | |
| | (C) Name of Bank and Branch | |
| 9 | Whether the bidder has been Black Listed by any Govt., or Semi Govt., organization or any Educational Organization? (Yes or No) | |
| | If No submit the Self Declaration in given format (Annexure – B) | |

| | | |
|---|---|---|
| 10 | Total Annual Turnover for the Last Three Years<br>(Enclose C.A. Certificate copies)<br>(As per Annexure – C) | |
| | 2016-2017 | |
| | 2017-2018 | |
| | 2018-2019 | |
| 11 | Permanent Account No.(Income Tax) (Enclose certified PAN Card) | |
| 12 | GST Registration No. | |

Note: For above details, attach separate sheet if required.

**Seal and Signature of Authorized Person**

**Place :**

**Date :**


H:\8 - કુરિયર સર્વિસ - 38 - 2019\કુરિયર ટેન્ડર - 38 - 2019.docx

**GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD**

**SECTOR 10/B, GANDHINAGAR**

**E - TENDER NO. 38 / 2019**

**TENDER FOR PROVIDE COURIER SERVICE PROVID**

## ANNEXURE – B

**On Rs.100/- Stamp Paper**

## DECLARATION

I ________________ do hereby declare that our firm is not debarred or disqualified or Black Listed by any Government or any State Board or such Organization, GS&HSEB is entitled to forfeit our Security Deposit in case of any such information coming to the notice of the GS&HSEB Board.

I further undertake that if above declaration proves to be wrong / incorrect or misleading our tender / Contract stands to be cancelled / Terminated.

**Seal and Signature of Authorized Person**

**Place :**

**Date :**

**GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD**

**SECTOR 10/B, GANDHINAGAR**

**E - TENDER NO. 38 / 2019**

**TENDER FOR PROVIDE COURIER SERVICE PROVID**

## ANNEXURE – C

## PARTICULARS OF TURNOVER

**Name of the Bidder :**

**Particulars of Turnover in the following Year as per audited accounts**:

| Financial Year | Total Turnover ( in Rs.) |
|---|---|
| 2016-2017 | |
| 2017-2018 | |
| 2018-2019 | |

It is certified that above details are correct / fair and audited by the Chartered Accountant and submit with the signed of C.A. with Seal and Stamp.

**Signature of Chartered Accountant** **Seal & Signature of With**
**Stamp** **Authorized Person**

**Place :**

**Date :**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ઇ-ટેન્ડર નં - ૩૮ / ૨૦૧૯

## કુરિયર સર્વિસ પૂરી પાડવા અંગેનું ઇ-ટેન્ડર

### બાંહેધરી પત્રક

આથી અમો ટેન્ડરર એજન્સી ......................................................................... કુરીયર સેવાઓ પુરી પાડવાના બોર્ડ તરફથી આપવામાં આવેલ ટેન્ડર Annexure-A to Annexure-C માં સમાવિષ્ટ તમામ શરતો / બોલીઓ / સૂચનાઓ / નિયમો તમામ મેં / અમોએ વાંચેલ છે તેને હું / અમો બરોબર સમજ્યા છે, તમામ વિગતોથી હુ / અમો માહિતગાર થયા છે અને સ્વીકારીએ છીએ.

હું / અમોને આ કામગીરી કરવા માટે અમારી જવાબદારીઓ અને પૂરી પાડ્વાની ફરજોની જાણ થયેલ છે અને સ્વીકાર કરીએ છીએ. તેમજ એનો ભંગ બદલ બોર્ડ તરફથી / અન્ય રાહે લેવાનાર પગલાઓ સામે પૂર્તતા  કરવા હું / અમો તે ભરપાઇ કરવા બંધાયેલ છીએ. આ સાથે સર્વે બોલીઓ શરતો અને ટેન્ડરની પધ્ધતિનો કોઇપણ વાંધો,વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વીકાર કરૂ છુ.

**સ્થળ :** **ટેન્ડરરનુ નામ સહી / કંપનીના સિક્કા**

**તારીખ :**

**GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD**

**SECTOR 10/B, GANDHINAGAR**

**E - TENDER NO. 38 / 2019**

**TENDER FOR PROVIDE COURIER SERVICE PROVID**

# Financial Bid

| | Up to 100 gm | Up to 200 gm | Up to 500 gm |
|---|---|---|---|
| Rate for Gandhinagar city | | | |
| Rate for Ahmedabad city area (Municipal border) | | | |
| Rate for out of Ahmedabad city and District | | | |
| Rate for all district, Taluka and rural areas of across Gujarat | | | |
| Rate for all other states and cities (except Gujarat) | | | |

| | Up to 50 gm | Up to 100 gm | Up to 200 gm | Up to 300 gm | Up to 400 gm | Up to 500 gm | Up to 750 gm | Up to 1 K.g | Up to 2.5 K.g | Up to 5 K.g | Up to 7.5 K.g | Up to 10 K.g | Up to 12.5 K.g | Up to 15 K.g | Up to 17.5 K.g | Up to 20 K.g |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Rate for Ahmedabad city area (Municipal border) | | | | | | | | | | | | | | | | |
| Rate for out of Ahmedabad city and District | | | | | | | | | | | | | | | | |
| Rate for Gandhinagar city | | | | | | | | | | | | | | | | |
| Rate for all district, Taluka and rural areas of across Gujarat | | | | | | | | | | | | | | | | |
| Rate for all | | | | | | | | | | | | | | | | |

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ther states and cities (except Gujarat) | | | | | | | | | | | | | | | | |

**Signature of Chartered Accountant** **Seal & Signature of With Stamp**

**Authorized Person**

**Place :**

**Date :**